સીટીએન્જીનીયર વિભાગ
બીજો માળ,ભાવનગર મહાનગરપાલિકાની કચેરી,
સર મંગળ સિંહજી રોડ,ભાવનગર.
Phone : (0278)2511605 Email : city.bmc@gmail.com

સી.ઈ.જા.નં. ૨૨ / ૨૮૧૭૨૯ તા.૨૬/૦૪/૧૫

## ::દફતરી હુકમ::

મહાનગરપાલિકામાં વહીવટી પ્રક્રિયા સરળ અને ઝડપી થઈ શકે તે માટે અધિકારીઓની અઠવાડીક બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ તથા આ બાબતે દરેક વિભાગને સરળીકરણ કરવા અંગેના સુચનો આપવા જણાવેલ હતું.આ સંદર્ભમાં ટાઉનપ્લાનિંગ વિભાગ,ટાઉનડેવલપમેન્ટ વિભાગ તથા એસ્ટેટ વિભાગ તરફથી વહીવટી સરળતા માટે જુદી જુદી કક્ષાએ સત્તા સોંપણી કરવાની રજુઆત મળેલ છે.પુખ્ત વિચારણાંના અંતે ઉકત વિભાગોની વહીવટી પ્રક્રિયામાં સરળતા થાય તે હેતુથી નીચેની વિગતે સત્તા સોંપણીનો હુકમ કરવામાં આવે છે.

(૧)ટાઉનપ્લાનિંગ તથા ટાઉનડેવલપમેન્ટ વિભાગમાં કેમ્પસ પ્લાનિંગ હોય તેવા પ્લોટમાં વ્યકિતગત રહેણાંકનાં બાંધકામોની મંજુરી તથા તે અંગેના આવાસના પ્રમાણ પત્રો આપવાની સત્તા ટાઉનપ્લાનિંગ ઓફીસર તથા ટાઉન ડેવલપમેન્ટ ઓફીસરને આપવામાં આવે છે.

(૨)ટાઉનપ્લાનિંગ તથા ટાઉનડેવલપમેન્ટ વિભાગમાં ૮૦.૦ ચો.મી. સુધીના પ્લોટમાં વ્યકિતગત રહેણાંકનાં બાંધકામોની મંજુરી તથા તે અંગેના આવાસના પ્રમાણ પત્રો આપવાની સત્તા આસીસ્ટન્ટ ટાઉનપ્લાનિંગ ઓફસીર તથા આસીસ્ટન્ટ ટાઉનડેવલપમેન્ટ ઓફીસરને આપવામાં આવે છે.૮૦.૦ ચો.મી.થી મોટા પ્લોટમાં વ્યકિતગત રહેણાંકનાં બાંધકામોની મંજુરી તથા તે અંગેના આવાસના પ્રમાણ પત્રો આપવાની સત્તા ટાઉનપ્લાનિંગ ઓફીસર તથા ટાઉન ડેવલપમેન્ટ ઓફીસરને આપવામાં આવે છે.

(૩)ટાઉનપ્લાનિંગ તથા ટાઉનડેવલપમેન્ટ વિભાગમાં મહાનગરપાલિકાના લીઝ હોલ્ડ પ્લોટમાં વ્યકિતગત રહેણાંક માટેની વિકાસ પરવાનગી માટે રજુ થતી અરજીઓમાં ચાલુ નાણાંકીય વર્ષ સુધીની લીઝ ભરપાઈ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં લીઝ રીપોર્ટ મેળવવાની જરૂરીયાત રહેશે નહી.

(૪)મહાનગરપાલિકાના લીઝ હોલ્ડ પ્લોટના કિસ્સાઓમાં અરજદારો તરફથી તેમનાં પ્લોટ અંગે મોર્ટગેજના હેતુ માટે એન.ઓ.સી. મેળવવા માટે રજુ થતી અરજીમાં એન.ઓ.સી. આપવાની સત્તા એસ્ટેટ ઓફીસરને આપવામાં આવે છે.

(૫)મહાનગરપાલિકાની માલીકીની જગ્યા તદદન હંગામી ધોરણે ભાડે મેળવવા માટે રજુ થતી અરજીમાં એક માસથી ઓછા સમય માટે તદદન હંગામી ધોરણે ભાડે આપવાની સત્તા એસ્ટેટ ઓફીસરને આપવામાં આવે છે.એક માસથી વધુ સમય માટે તદદન હંગામી ધોરણે ભાડે આપવાની સત્તા નિયંત્રણ અધિકારીને આપવામાં આવે છે.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ સવિનય રવાના:(૧) માન.મેયરશ્રી
(૨)માન.ચેરમેનશ્રી,સ્ટે.ક.

નકલ રવાના: ........................ વિભાગ

D:\CURRENT\HimanshuGeneral\General.doc